R.N.I.No. : 11555/1966
Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

# JYOTI PUNJ

Vol No. 55 Issue No. 10
January - 2012

## ✣ સુખ સહન કરવાની અશક્તિ ✣

કેટલીક સુખી ગૃહીણીઓ પતિની અઢળક આવકને પહોંચી વળવા માટે ખર્ચ કરવાની નવી નવી તરકીબોની શોધ કરતી રહે છે. આવી ગૃહીણીનો સૌથી પ્રિય શબ્દ 'શોપિંગ' હોય છે અને સૌથી અપ્રિય શબ્દ 'કેલેરી' હોય છે. દુકાનદાર આવી ખર્ચપ્રિય ગૃહીણીને તરત ઓળખી જાય છે. મોંઘીદાટ સાડીઓની દુકાનમાં રૂઆબભેર દાખલ થયેલી ગૃહીણીના સ્વાગતમાં સેલ્સમેને ધરેલો કોકાકોલાનો એકજ ગ્લાસ ક્યારેય હજારેક રૂપીયાનો પડતો હોય છે. ઘરમાં સો સાડીઓ કબાટમાં લટકતી હોય ત્યારે પણ નવી સાડી ખરીદવાની ચળ ઉપડે ત્યારે જાણવું કે ખરીદશક્તિમાં તેજી છે. પરંતુ વિચારશક્તિમાં મંદી છે. સુખી ગૃહીણીઓનાં તોતિંગ શરીરો જોઈને થાય છે કે અસહ્ય સુખના સોજા ચડયા છે. એમનું સૌથી મોટું સુખ કશુંય કામ ન કરવાને કારણે લાગેલા થાકને ઉતારવા માટે શોપિંગ કરવામાં રહેલું છે. દુઃખ તો જખ મારીને વેઠવું પડે છે. પરંતુ અસહ્ય સુખને શી રીતે વેઠવું. એ આજના યુગનો સૌથી જલદ પ્રશ્ન છે.

- સંકલન

**2nd Cover Page**

# હીરક મહોત્સવ
# ૧૯૫૧-૨૦૧૧

**કચેરીઆ મોજીલાલ ગોરધનદાસ જનરલ હોસ્પિટલ ટ્રસ્ટના હીરક મહોત્સવની** ઉજવણી મુંબઈ ખાતે યોજવામાં આવી છે. સર્વે બાલાસિનોરવાસીઓને હાજર રહેવા નિમંત્રણ છે.

**-: કાર્યક્રમ :-**

**રવિવાર તા. ૨૨-૧-૨૦૧૨ સવારે ૯ કલાકથી**

**સ્થળ: બીરલા માતૃશ્રી સભાગૃહ, મરીન લાઈન્સ.**

**જમવાનું સ્થળ: સુંદરાબાઈ હોલ, મરીન લાઈન્સ (વ્યક્તિ દીઠ રૂા. ૧૫૦/- લેખે)**

**પ્રોગ્રામ: ગુજરાતી નાટક 'ગાંધી તારી બીક છે બાકી બધુ ઠીક છે'**

**મુખ્ય મહેમાન: ડૉ. કીરીટ કાંતીલાલ મોદી (એમ.ડી. ઓપ્થો.)**

**અતિથી વિશેષ**

**શ્રી મુળજીભાઈ ચંદુલાલ ધારીઆ (લાલખા) શ્રી રમણીકલાલ લલ્લુભાઈ ધારીઆ**

**પાસ મેળવવાનું સ્થળ :**

**(૧) શ્રી રાજેન્દ્રભાઈ દેસાઈ :** કવીક ઈન્ડસ્ટ્રીય સપ્લાય પ્રા.લી. દુકાન નં ૧/૧ એ, ૫૯, બાબુગેનુ રોડ, લોહાર ચાલ, મુંબઈ-૨ - મો. ૯૮૨૦૦૮૦૧૯૪

**૨) શ્રી નિતીન પરીખ :** યુનાઈટેડ ઈન્ડસ્ટ્રીયલ એજન્સી, સ્વસ્તીક ચેમ્બર, ૬૦, અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, નાગદેવી, મુંબઈ - ૩, મો. ૯૮૨૧૦૩૯૦૮૭

**નોંધ : આ અંગેના પાસ તા. ૧૩-૧-૨૦૧૨ થી સાંજે ૪ થી ૬ દરમ્યાન ઉપરના બે સ્થળેથી મળશે.**

**નિમંત્રક**

**શ્રી નવીનચંદ્ર ચીમનલાલ શાહ (કોલકત્તાવાળા)**

**પ્રમુખશ્રી**

# જ્યોતિ પુંજ


| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૫૫ | ૧૦ | ૧૪-૦૧-૨૦૧૨ |

છુટક કીંમત : રૂા.૧/- વાર્ષિક લવાજમ : રૂા.૧૦/-

નિખિલ પરીખ (તંત્રી)

જતીન ન. દેસાઈ / ચેતન કાં. મોદી

અમીત વ. પારેખ



પત્રવ્યવહારનું સરનામું

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**

વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન

૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.

ફોન : ૯૮૨૧૩૨૬૪૩૨

❖❖❖

મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)

**એ. કે. એન્ટરપ્રાઈઝ**

૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,

ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨

ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

❖❖❖

**: કાર્યાલય :**

૧૧૮/૧૨૦, અરદેશરદાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,

મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

❖❖❖

**: સમય :**

સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)

રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)

દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.

**visit us at www.balasinor.org**


# આ માણસ જાણે......

**તંત્રી સ્થાનેથી**

લગ્નજીવનને ૨૫ વર્ષ થયા પણ હવે હું પત્ની કરતાં 'એની' સાથે વધુ સમય ગાળું છું, એના સાનિધ્યમાં રહું છું. એની જ વાતો સાંભળું છું. એના અવાજનો રણકો મને ગમે છે. એની ધડકનને વધુ અનુભવું છું. હંમેશા દીલની પાસેજ એને રાખું છું, એ કહે એજ માનું છું. એની નજરે જ દુનિયાને જોઉં છું, દિવસમાં કેટલીયે વાર એને હોઠે લગાડું છું. એ ના હોય તો સુનુસુનુ લાગે છે, દુનિયા થંભી ગઈ હોય એવું લાગે છે, હા હું કબુલ કરું છું કે હવે હું એના વગર નહી જીવી શકું એવું અનુભવું છે.

આ કબુલાત વાંચીને આપ સૌ વાંચકોને મારી પત્ની જેટલો જ આઘાત લાગ્યો હશે. મારા ચારિત્ર્ય પર શંકા થવા લાગી હશે પણ હવે ઉપરની વાત 'એની' ના બદલે 'મોબાઈલ' કરીને વાંચશો તો સમજાશે આપ સૌની પણ એવી જ હાલત હશે. મોબાઈલે દરેક પતિ પત્નીના હોંશકોશ ઉડાવી દીધા છે. બધાને લાચાર અને ગુલામ બનાવી દીધા છે. ૧૯૯૪માં જ્યારે ભારતમાં મોબાઈલ ફોને એન્ટ્રી મારી ત્યારે ઈનકમીંગ અને આઉટગોઈંગ કોલના ચાર્જ હતાં. વીસ રૂપિયા મીનીટ, ત્યારે બ્રેડના લોફનો ભાવ હતો બે રૂપિયા. આજે બ્રેડના રૂા. ૩૦ અને ફોનના ૩૦ પૈસા મિનીટ થઈ ગયા છે અને ભારતમાં મોબાઈલ ધારોકોની સંખ્યા દુનિયામાં સૌથી વધુ થઈ ગઈ છે. હવે ઘણા લોકોની હાલત તો એવી થઈ ગઈ છે કે દુનિયામાં બધા વગર ચાલે પણ મોબાઈલ

વગર ન ચાલે. મોબાઈલ અને ઈન્ટરનેટે દુનિયાને પાસે લાવી દીધી છે અને નવી નવી એપ્લીકેશનો હવે દરેકના હાથવેંત આવી ગઈ છે. Watsap, Skype અને BB દ્વારા ચોવીસે કલાક એકબીજાના સંપર્કમાં રહી શકાય છે. નવી નવી શોધો દ્વારા હવે ઓફિસ આપણા હાથમાં અને સાથમાં લઈને ફરી શકાય છે. દુનિયામાં કંઈ પણ જાણવાની ઈચ્છા થાય તો મોબાઈલ ઉપરના ઈન્ટનેટમાં એક કલીકથી જાણી શકાય છે. બર્થ ડે અને અન્ય ઈવેન્ટના રીમાઈન્ડ મેળવી શકાય છે. સેક્રેટરીની જેમ મોબાઈલને પણ બોલીને ફલાણાનો નંબર ડાયલ કરવા હુકમ કરી શકાય છે. ડીકટેશન આપી શકાય છે. પીકચરો ડાઉનલોડ કરીને પ્રવાસ દરમ્યાન જોઈ શકાય છે. રેડીયો, કેમેરા, વિડીયો, ઓડિયો બધી જ વસ્તુ ખીસામાં રાખીને ફરી શકાય છે. ભવિષ્યમાં કદાચ ડૉક્ટર પણ મોબાઈલમાં આવી જશે. જે સતત આપણા Temperature, B.P., પલ્સ, ડાયાબીટીસ વગેરેનું મોનીટર કર્યા કરશે. કદાચ કેલરી મીટર પણ બતાવે, સોલાર પેનલ બનીને નાનકડો પંખો પણ ચલાવે કે ઠંડીમાં ગરમાવો પણ આપે. મોબાઈલે આજે ફોનબુક, ડીકશનરી, કેમેરા, રેડીયો, ટેપરેકોર્ડર, ટીવી, ઘડિયાળ, કેલેન્ડર, ડાયરી વગેરેની તો છુટ્ટી કરી દીધી છે. ભવિષ્યમાં કદાચ ક્રેડીટ કાર્ડ, કેશ અને ચાવીઓની પણ છુટ્ટી કરી દેશે અને સાચા અર્થમાં આપણો સાથી બની રહેશે. સારો સાથી હોય તો જીંદગી બહેતર બને પણ આપણે માનવીને આદત છે ગુલામ બની જવાની. આપણે મશીન બનાવ્યા અને ખુદ મશીન બની ગયા. ઘડિયાળ બનાવીને સમયના ગુલામ બની ગયા, કેલક્યુલેટર બનાવ્યા ને પલાંખા છોડીને એના ગુલામ બની ગયા. ટીવી, કોમ્પ્યુટર, ઈન્ટરનેટે આપણને ગુલામ બનાવી જ દીધા છે. પણ મોબાઈલે તો જીવનમાંથી પ્રાઈવસી ઉપરાંત ઘણું બધુ છીનવી લીધું છે. શાંતીથી બેઠા હોઈએ. પીકચક કે નાટક જોતા હોઈએ, મીટીંગમાં હોઈએ મોબાઈલ આપણને છોડતો નથી. હોલી ડે ઉપર હોઈએ ને કામનો ફોન આવે તો મગજ કામના વિચારો ચઢી જાય. સાયલન્ટ મોડ ઉપર રાખીએ કે બંધ રાખીએ તો સંખ્યાબંધ ફરિયાદો અને નારાજગી વહોરી લેવી પડે. પાછું ઘણા કોલ તો એટવર્ટાઈઝમેન્ટના આવે, લોન ના આવે, ‘સર આપકા રેકોર્ડ દેખકર હમને આપકો દસ લાખ કા લોન દેને કા નક્કી કીયા હૈ.’ ‘પર મેડમ મુઝે નહી ચાહિયે લોન’, ‘સર મે રીઝન જાન સકતી હું ?’ મનમાં તો એવો ગુસ્સો આવે કે એ કોણ આવી રીઝન પુછવાવાળી. એક વાર તો કાર લોન માટે ફોન આવ્યો. મુડમાં હતો એટલે સીધી પ્રાઈવેટ જેટ પ્લેનની લોન માટે પુછપરછ કરી. સામેથી ફોન મુકાઈ ગયો. બીજી હેરાનગતી sms ની છે. નકામા sms ની સાથે કામના મેસેજ પણ જોવાના રહી જાય. પાછું sms ના જવાબ ન આપો તો મિત્રો નારાજ થઈ જાય હવે રોજ નવા sms ક્યાંથી લાવવા ? જો કે નરમ, ગમર sms થી ઘણીવાર પાર્ટી રંગીન થઈ જાય છે. પણ જ્યારે કંપનીઓ ૧૫૦૦૦ મફત sms ની સગવડ આપે ત્યારે યંગ જનરેશન તો ગાંડુ થઈ જાય ને ? દિવસના ૫૦૦ sms એ લોકો કરી શકે છે. ``ક્યાં છે ? હવે જમવા બેસું છું, હવે સુવા જાઉં છું. જેવા ફાલતુ sms અને ચેટીંગ ચાલ્યા જ કરતા હોય છે. આના લીધે આંગળાને લગતો નવો રોગ અસ્તિત્વમાં આવ્યો છે. જેમાં સતત મોબાઈલની કીપેડ દબાવીને આગળાંના મસલ્સ વીક થઈ જાય છે. અશ્લીલ વિડીયો કલીપો અને sms એ નવા જનરેશનને નાની ઉંમરમાં સેકસ

બાબતનું એક્ષપોઝર આપી દીધું છે. જે ઘણીવાર ચીંતાજનક બાબત બની જાય છે. એક પિતાએ છોકરા સાથે ફ્રેન્ડલી વાત કરતાં પુછ્યું,'બેટા તું સેકસ વિશે કેટલું જાણે છે/' છોકરાએ જવાબ આપ્યો,'પપ્પા તમારા જે પણ ડાઉટ હોય તે મને પુછી શકો છો આફટર ઓલ વી આર ફ્રેન્ડસ' આવી હાલત છે આપણી અને આપણા યંગ જનરેશનની. આ ઉપરાંત સતત હેડફોનમાં ચાલતું મોટા અવાજનું મ્યુઝીક, ચાલતાં ચાલતાં બબડતા હોઈએ એવી રીતે કરવામાં આવતી વાતો, જાહેરમાં મોટો મોટા અવાજે કરાતી વાતો આ બધું જ આપણને અને બીજાને નુકશાન કરતું જ હોય છે. સરકારે ડ્રાઈવીંગ વખતે મોબાઈલ ઉપર વાત કરવાની મનાઈ ફરમાવી છે. એ યોગ્ય જ છે. આપણે જ્યારે મોબાઈલ ઉપર વાત કરતાં હોઈએ ત્યારે આજુબાજુનું સાનભાન ગુમાવી દઈએ છીએ એ અનુભવેલી વાત છે. અરે ટ્રેનના પાટા કે રસ્તો ક્રોસ કરતાં કરતાં મોબાઈલ ઉપર વાત કરતાં માણસને આજુબાજુનું કંઈ સંભળાતું કે દેખાતું નથી હોતું અને મોબાઈલ ઉપર વાતો કરતાં કરતાં જીંદગી ટુંકી થઈ જાય છે.

મોબાઈલે શિષ્ટાચાર પણ ભુલાવી દીધો છે. કોઈની સાથે વાત કરતાં હોઈએ ને મોબાઈલ ઉપર ફોન આવે એટલે આપણને હોલ્ડ ઉપર મુકીને આપણી નજર સામે લાંબી લાંબી વાતો કરવા લાગી જાય છે. આપણી સાથે વાતો કરતાં કરતાં sms કરે અથવા તો sms કે Mail ચેક કરવા બેસી જાય. નાટક, પીકચરોમાં કે જાહેર સમારંભોમાં વારંવાર મોબાઈલને સાયલન્ટ મોડ ઉપર


**Indian Photo**





**Manu Mamtora**

**Specialist in :**

Video Shooting & Digital Photography,
Digital Shooting,
All Kinds of Colour Photography.

Resi :
204, Hinal Residency, Dahanukrwadi,
Datta Mandir Road, M.G.Road,
Kandivali (W), MUMBAI - 400067

**Resi : 28699141 - M : 9819789634**

શુભ પ્રસંગ  જે જે શ્રી ગોકુલેશ  શુભ પ્રસંગ







**આપણે ત્યા રૂડો અવસર આવ્યો છે.**
**તો જરૂર થી સંપર્ક કરો**

**નિરવ ફોટો આર્ટસ**

**હર્ષદ પારેખ / નિરવ પારેખ**

**ફોન. ૯૮૨૧૩ ૭૯૭૭૯ / ૨૮૯૫ ૯૭૭૩ / ૯૩૨૨૫ ૧૫૩૫૧**

લેટેસ્ટ ટેક્નોલોજી દ્વારા સુંદર
ડિઝીટલ ફોટોગ્રાફી / ડિઝીટલ વિડીઓ શુટિંગ

સુંદર કલાત્મક રીતે મોડલીંગ ફોટોગ્ગ્રાફી તેમજ લેટેસ્ટ સ્ટાઈલ. ફોટો લેમીનેશન / ડિઝીટલ આર્ટવક/ જૂના ફોટા ઉપરથી ડીઝીટલ નવા ફોટા બનાવી આપશું તમારી વિડીયો કેસેટ ઉપરથી - બનાવી આપીશું તુરંત અને ઝડપી સર્વિસ તમારી કંપનીના આઇ.ડી. કાર્ડ તેમજ તમારા પ્રોડકટ ફોટોગ્રાફી કરી આપશું

**સી- ૧૩ સીસ્કીટા નગર, સી.એસ.રોડ,**
**દ્રહિસર (ઈસ્ટ), મુંબઇ - ૪૦૦૦૬૮**

હેમેન્દ્રભાઈ શાહ / રાજનભાઈ કડકીઆ ના સૌજન્ય થી

મુકવાની વિનંતી છતાં પોતાના મોબાઈલ ફોનનો રીંગટોન સંભળાવાનો શોખ ઘણા લોકો પુરો કરી લેતા હોય છે. હદ તો ત્યારે થાય છે જ્યારે ઉઠમણામાં કે સ્મશાનમાં લોકો મૃત્યનો મલાજો પણ નથી પાળતાં અને મોબાઈલ ઉપર વાતો કરવા બેસી જાય છે.

મોબાઈલે આજના જનરેશની ભાષા પણ બગાડી નાખી છે. શોર્ટ મેસેજીસમાં ભાષાનું સત્યાનાશ થઈ ગયું છું. જો કે હવે નવા જનરેશનને સમજવા માટે પણ નવી ભાષા શીખવી જ પડે છે. મોબાઈલનો બીજો ફાયદો કહો કે દુરઉપયોગ માણસો હવે જુઠુ સહજ રીતે બોલતાં શીખી ગયા છે. હોય પબમાં ને છું મંદિરમાં એવું કહેતાં થઈ ગયા છે. ઘરેથી નીકળ્યા પણ ન હોય છતાં પણ 'ટ્રાફિકમાં અટવાયો છું. પહોચું જ છું' એવું સહજ કહેતાં થઈ ગયા છે.

મોબાઈલ હવે સ્ટેટસ સીમ્બોલ થઈ ગયો છે. મોબાઈલના મોડેલ ઉપરથી હવે માણસનું સ્ટેટસ નક્કી થાય છે અને પોતાના જેવો જ ફોન શાકવાળા કે નોકર પાસે હોય તો હીણપતનો ભાવ ઘણા લોકો અનુભવતા થઈ ગયા છે. પોતાનો છોકરો નાનો હોય તો પણ ઘણા લોકો મોબાઈલ અપાવે છે કહે છે,'અમે એના સંપર્કમાં રહી શકીએને' પણ આ બાળક શીખી જાય છે કે ક્યારે મા બાપ સાથે સંપર્કમાં રહેવું અને ક્યારે સંપર્ક ક્ષેત્રમાંથી બહાર રહેવું. મા બાપ પોતાના સ્ટેટસ માટે નાનપણથી જ બાળકને મોબાઈલના રવાડે ચઢાવી દે છે. હવે જ્યારે સાબિત થઈ ગયું કે મોબાઈલના રેડીએશનથી મગજને ખરાબ અસર થાય છે ત્યારે નાદાન બાળકોના કુમળા મગજ ઉપર કેટલી અસર થતી હશે એ મા બાપો ભુલી જાય છે.

હું મોબાઈલનો વિરોધ નથી કરતો. મોબાઈલ એક આર્શીવાદ સમાન ચીજ છે. ભવિષ્યમાં આપણાં જીવનનો એક અનિવાર્ય ભાગ બનવા તરફ ટેકનોલોજી આગળ વધી રહી છે એટલે મોબાઈલની પોઝીટીવ બાબતો વધુ છે પરંતુ એનો વિવેકબુદ્ધિથી ઉપયોગ કરવાની જરૂર છે. સમજણપુર્વક ઉપયોગ કરવાની ચીજ છે, એને સાથી બનાવવાની જરૂર છે પણ આજે તો માનવી પોતે જ મોબાઈલ જેવો બનતો જાય છે. એક સુંદર કવિતા સાથે વિરમું છું.

## આ માણસ જાણે મોબાઈલ થઈ ગયો

જરૂર જેટલી જ લાગણીઓ રીચાર્જ કરતો થઈ ગયો
ખરે ટાણે જ ઝીરો બેલેન્સ દેખાડતો થઈ ગયો
..... આ માણસ જાણે

સાથે કોણ છે એ જોઈને સંબંધ રિસીવ કરતો થઈ ગયો
સ્વાર્થના ચશ્મા પહેરીને મિત્રતાને પણ
સ્વીચ ઓફ કરતો થઈ ગયો
..... આ માણસ જાણે

આજે રીટા તો કાલે ગીતા એમ મોડેલ બદલતો થઈ ગયો
મિસિસને છોડીને એ મીસને કોલ કરતો થઈ ગયો
..... આ માણસ જાણે

પાડોશીનું ઉંચુ મોડેલ જોઈ, જુઓને જીવ બાળતો થઈ ગયો
સાલું, થોડી રાહ જોઈ હો તો ! એવું ઘરમાંય કહેતો થઈ ગયો
..... આ માણસ જાણે

હોય બરોડોમાં અને છું સુરતમાં એમ કહેતો એ થઈ ગયો
આજે હચ તો કાલે વોડાફોન એમ ફાયદો જોઈને
મિત્રો બદલતો થઈ ગયો
..... આ માણસ જાણે

ઈનકમીંગ - આઉટગોઈંગ ફ્રી ના ચક્કરમાં
કુટુંબના જ કવરેજ બહાર એ થઈ ગયો
હવે શું થાય બોલો, મોડેલ ફોર ટુ ઝીરો એ થઈ ગયો
..... આ માણસ જાણે

**- નિખિલ પરીખ**

## પૈર તો તુટવાની જ છે.....

સાત ફેરા ફર્યા પછી પતિ અને પત્નીનો હોદો પ્રાપ્ત થયા બાદ બનતી પૈર અતુટ નથી હોતી. મરણ નિશ્ચીત તો છે પણ સવાલ બન્નેના સમય ગાળાનો છે. આ ઘટના પહેલા શું ? અને પછી શું ને લગતા થોડા સુચનો.

નિશ્ચીત મનાતી ઘટના અકલ્પીત શોક અને એકાન્ત, વ્યક્તિને કોરી ખાય છે. જે બાકીના જીવનમાં હંમેશા સાથી બની જાય છે. લગ્ન જીવન સ્થીર થયા બાદ સ્ત્રીએ થોડીક પોતાના પતિની આવકને જાવક તરફ સંગીન રહેવું જોઈએ. તેમજ તેની બચત તરફ ધ્યાન આપવું જોઈએ. ઘણા આવક કરતા જાવક વધારે છે ત્યારે દેવા તરફ જવુ પડે છે ને આ સમય દરમ્યાન ઘટના ઘટે તો સ્ત્રી પાત્ર મુશ્કેલીમાં આવી પડે છે. તેવીજ રીતે લેણીયાત ધસી આવે છે ને ચુકવવાવાળા દુર ખસી જાય છે. માટે લેણા દેણીની નોંધથી પત્નીને વાકેફ હોવું જરૂરી છે. પોતાને મળતી ખર્ચ રૂપ રકમમાંથી અંગત સેવિંગ્સની આદત પાડવી જોઈએ. જે આધાર સ્થંભ બની જાય છે. ઉમંર અને સંજોગો ભલે બધાના અલગ હોય પણ સ્ત્રી બચત ને પણ અંગત રાખવી જોઈએ. આ સેવિંગની આદત પગભર તેમજ સ્વભીમાની જીવન જીવવા એક પ્રકારની શક્તિ ગણાય છે. પતિની ટેવ કુટેવ બાબત પર જીણવટભરી નજર રાખવી જોઈએ અને દરેક થાપણ જેવા કે બેંન્ક એકાઉન્ટસ, ડીમેટ એકાઉન્ટ, લોકર, સેવિંગ્સ સર્ટીફીકેટ પર નોમીનેશન હોવું જરૂરી છે. છોકરાઓ પરદેશમાં સ્થાઈ થયેલ હોય તો અવશ્ય તેમની સહીઓ નોમીની તરીકે રાખવી જોઈએ. એલ. આય. સી. તેમજ મેડીકલેમનો આગ્રહ રાખવો. બધું જ બરોબર ચાલે છે તેમ સમજી લેતા કુદરતને કરવટ બદલતા વાર નથી લાગતી. અચાનક બેડરૂમમાં જીવનભર એકલા રહી જવાય છે. સાત્વીક વિચારો અને સાદગી જીવનમાં ધ્યેય રાખવો. મોંઘા કપડાં, દાગીના, કાર, પરદેશ ટૂરો માટે આવકના પ્રમાણમાં આગ્રહ રાખવો ઘણીવાર પોતાનુ લેવલ માબાપના ઘરથી કે મીત્ર સર્કલના લેવલથી નીચુ હોતા, સ્ત્રીઓ પતી ને ખેચવા કોશીશ કરે છે ને ઘણા ખેચાઈને પોતાના જીવનની સ્થીતી ડામાડોળ કરે છે.

લક્ષ્મી સ્ત્રોતમાં લખ્યુ છે કે જીવનમાં દશમાંથી નવ વ્યાધિ ધર્મશક્તિથી દૂર થાય છે.

જુના મીત્રો તેમજ કુટુબીજનો એક મીલકત તરીકે પુરવાર થાય છે. ફક્ત પોતાને માટે જ રાધવુંને ખાવુ દૈનીક કાર્યક્રમ બની જાય છે. આ સમયે સવારે કે સાંજે વોકીંગ ની આદત તેમ નજદીક મંદિરમાં નિયમીત જઈ


Rashesh Parikh

**ISHY CREATION**



Manufacturer of
Gold & Diamond Jewellery

12, Mangal Bhavan, Old Nagardas Road,
Andheri (East), Mumbai - 400 069.

**Ph. (O) 26890476 (R) 26840205**
**(M) 9821117788**

શકાય છે ઘરે સેવા પુજામાં સમય પસાર કરી શકાય છે ઉપરોક્ત જણાવેલ નિત્ય કાર્યક્રમથી સ્વાસ્થય પણ જળવાય છે ને સમય પણ પસાર થઈ શકે છે. ઈશ્વર હાથ પકડયા પછી કદી છોડતો નથી. વાંચન તેમજ સદગુરુના આધ્યાત્મીક પ્રવચનો, બીજી જ દુનિયામાં ડોકીયુ કરાવે છે. બિલ્ડીંગ કે મંડળ કે કલ્બમાં સભ્યપદ હોય તો સમિતિમાં સ્થાન લઈ શકાય છે. નાની ઉમરમાં શિક્ષીકા તરીકેની ભુમીકા તેમજ મોટી ઉમર પૌત્ર કે પૌત્રીના બાળ ઉછેર કે ભણાવવામાં વ્યસ્ત રહી શકાય છે તેમજ ઘરેલુ કામ પણ કરી શકાય. કેસેટ કે ટેપ પર જુના નવા ગીતો તેમજ પ્રવચનો સાંભળી મનને સ્વસ્થ રાખી શકાય. સવારે છાપુ ને સાંજે ટીવી નિર્દોષ મીત્રો પુરવાર થાય છે. ઘરમાં આધ્યાત્મીક પુસ્તકો વસાવી સોયને દોરામાં પરોવીયે તેમ મનને પ્રભુમાં પરોવી શકાય. પોતાના ઘરની નજદીક સ્ટોર્સ, ચોલ કે પોતાની દુકાને જઈ આવકનું સાધન જાળવી શકાય. વ્યાખાનમાળા ભજનો કે ભક્તી તરફ જીવનનો જોક આપીયે તો ખોટુ નથી. સ્ત્રી મીત્ર કે પુરૂષ મીત્રથી દુર રહેવું હીતાવહ છે. પુરૂષને વ્યસનઆધીન ન થવું જે એકાંન્તમાં સહેલાઈથી આકર્ષાય છે. કીચનમાં નાની મોટી બનાવટો જાણવા કોશીશ કરી શકાય જેવી કે ચા, સેન્ડવીચ વગેરે... કોઈ પ્રતિષ્ટીત કલ્બમાં મેમ્બરશીપ હોયતો ઘણી એકટીવીટીસ કરી શકાય તેમજ હાઉસી જેવી નિર્દોષ ગેમમાં સમય વ્યતીત કરી શકાય છે.

ફરી એકવાત પૈર તો તુટવાની જ છે....

**જીવન કે સફરમે રાહી મીલતે બીછડ જાને કો**

**ઓર દે જાતે હે યાદે....**

**- શૈલેષ કી. દેસાઈ (ભારત કોર્પોરેશન)**


# ગોપાલ જયંતિલાલ ભટ્ટ (ગોર)



**(જ્યોતિર્વિદ-મુંબઈ)**

**Sankalp Astrologist & Palmist**

તથા

**દક્ષેષ ભટ્ટ**

જ્યોતિષ ને લગતું દરેક કાર્ય, જન્માક્ષર મેળાપક, હસ્તોત્રી પત્રિકાના, ગ્રહોના જાપ અનુષ્ઠાન, લગ્ન, ગ્રહશાંતિ, વાસ્તુશાંતિ, જ્યેષ્ઠા શાંતિ, આશ્લેષાશાંતિ, મુળશાંતિ, કાલસર્પદોષ શાંતિ, પિતૃદોષ શાંતિ, શ્રીમંત સંસ્કાર, નવચંડી, નારાયણ બલિ, ડાઉઝીંગ ટેલિથેરીપી દ્વારા વિવિધ પ્રશ્નનું યોગ્ય માર્ગદર્શન તથા મહાપૂજાનું વેદોક્ત પુરાણોક્ત શાસ્ત્રોકાર અને પુષ્ટિ માર્ગ વિધિ થી સંતોષ પૂર્વક કાર્ય કરનાર

૬, શાસ્ત્રીભુવન, બ્લોક નં.૧૬, ૧ માળે, જબ્રેશ્વર ગલ્લી, બાંણગંગા ક્રોસ રોડ, વાલકેશ્વર, મુંબઈ - ૪૦૦ ૦૦૬

પીપળા શેરી, બજારમાં-બાલાસિનોર ફોન : ૦૨૬૯૦ ૨૬૭૦૪૯ । Email : gopaljbhatt@yahoo.co.in

✆ : ૨૩૬૭ ૩૪૯૯, ૨૩૬૧૩૬૨૨ • મોબાઈલ : ૯૮૨૦૫ ૨૮૦૨૨

## ભૂતાન એક અવિસ્મરણીય અનુભવ

પ્રવાસ મારો કેળવાયેલો શોખ છે. દાંપત્ય જીવનનાં ૨૫ વર્ષમાં ખૂબ ફરવા મળ્યુ છે. જીવન સાથી પણ એવો મળ્યો છે જે દર વર્ષે કોઈને કોઈ પ્રવાસનું આયોજન કરે અને અમે સહકુટુંબ નીકળી પડીએ.

આ વખતનો મારો પ્રવાસ આઠ જણના અમારા ગ્રુપ સાથે હતો. ભૂતાન જેવું રમણીય સ્થળ હિમાલયની દક્ષિણે વસેલું ભૂતાન સાત લાખની વસ્તી ધરાવતું રાષ્ટ્ર છે એક બાજુ આસામ-તવાંગ, બીજી બાજુ ચાઈના-ચીનની સરહદ અને એક બાજુ નેપાળ, આમ ભારત, ચીન અને નેપાળના ત્રિભેટે વસેલું ભૂતાન સ્વતંત્ર રાજ્ય રહ્યું છે. આ નાનકડું રાજ્ય આપણને હાઈડ્રો ઈલેકટ્રીક પાવર મોકલે છે.

ભૂતાનની વિશિષ્ટતા એટલે તબીબી, શિક્ષણ, સરકાર-રાજ્ય તરફથી તમામ નાગરિકોને મફત આપવામાં આવે છે. ત્રણ વર્ષ પૂર્વે અમલમાં આવેલ કાયદા મુજબ ભૂતાનવાસીઓ સિવાય અન્ય કોઈ પ્રજા અહીં સ્થાયી નિવાસ કરી શકતી નથી. અરસપરસ લગ્નસંબંધ પણ ભૂતાનવાસીઓમાં જ થઈ શકે ! કોઈ લગ્નસંબંધ બીજા દેશના નાગરિક સાથે થયો હોય તો દંપતિએ ભૂતાન છોડવું પડે.

આપણા દેશની પારંપરિક લગ્નપ્રથાથી વિરુધ્ધ છોકરો પરણીને સાસરે જાય છે. આ પાછળ માન્યતા એવી કે દીકરી મા-બાપનું વધારે ધ્યાન રાખી શકે.

ભૂતાનમાં મહિલાઓનું વર્ચસ્વ વધારે. કામકાજના દરેક ક્ષેત્રોમાં સ્ત્રીઓ જ વધારે હોય છે. ભૂતાનમાં રાજાશાહી છતાં લોકો સ્વતંત્રતા ભોગવે છે. લોકોનો રાજા પ્રત્યે અનહદ પ્રેમ. શાસન વ્યવસ્થામાં


**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ**

**શ્રીમતી મીનાબહેન સુધીરભાઈ ધારીયા**

**(રંગુનવાલા)** પુરસ્કૃત

ઉપનગર વિભાગ સહર્ષ યોજે છે 'નાટક'

**'નવું નાટક'**

**સ્થળ :** પ્રબોધન ઠાકરે હોલ, ચામુન્ડા સર્કલ પાસે, મંડપેશ્વર રોડ, બોરીવલી (વૈસ્ટ)

**સમય :** સવારના ૯.૩૦ કલાકે

**તારીખ :** ૧૧.૦૩.૨૦૧૨, રવિવાર


**નોંધ :** વધુ વિગતો માટે આવતા અંકમાં વાંચવું.

**મંત્રી** — **શ્રી ભાવેશ મોદી**

**સંયોજક** — **શ્રી નીમીસ ગાંધી**



।। શ્રી ગોકુલેશો જયતિ ।।



**શ્રી ગોવિંદ જ્યોતિષ કાર્યાલય**

**જયો. કર્તા : પુરાણી હેમંતકુમાર રામકૃષ્ણ**

(બી.એ.વીથ સંસ્કૃત) (જયોતિષ વિશારદ મુંબઈ)

**જયોતિષ, લગ્ન, વાસ્તુ, નવચંડી તથા મહાપુજાનું વેદોક્ત તથા પુરાણોકત સંતોષકારક કાર્ય કરનાર**

**એડ્રેસ :** ૩/૭૦, કૈલાસ કો. ઓ. સોસાયટી, રામબાગ લેન, ઓફ.એસ.વી. રોડ, શાસ્ત્રીનગર, બોરીવલી (વેસ્ટ) મુંબઈ - ૪૦૦ ૦૯૨.

**(૧) ટે. નં. (ઘર) : ૨૮૬૨૩૫૧૭**

**(૨) મોબાઈલ : ૯૮૯૨૬૨૧૧૮૭**

અને રાજકારણમાં પણ ૬૦ વર્ષ પછી ફરજિયાત નિવૃત્ત થવું પડે. રાજા અને વડાપ્રધાનના સમાન હક્ક. જે હોટલમાં અમે ઉતર્યા હતા તેના માલિકની દીકરી જ કશી નાનમ વિના ભોજન રાંધે. સિગારેટ પીનારને ત્રણ વર્ષની સખ્ત કેદના કાયદાની અમલબજાવણી થાય. કાનૂનનું અહીં ખૂબ જ કડકાઈથી પાલન થાય છે. લાંચ-ભ્રષ્ટાચારનો અનુભવ નથી જ થયો !

એક નહીં ભુલાય એવો અનુભવ અમારા ગાઈડનો. મકાઈ ખાવા માટે અમે લીધા ત્યારે અમારા અત્યંત આગ્રહ છતાં એણે પોતાના મકાઈના પૈસા આપ્યા એટલું જ નહીં અમે પૈસા આપીએ એ વાતનો સવિનય ઈન્કાર કર્યો. ટેક્ષી ડ્રાઈવરે પણ આમ જ કર્યુ.

જીવન-નિર્વાહ અર્થે માસિક ૩૫ થી ૪૦ હજાર જોઈએ. આજ કારણસર સ્ત્રી-પુરુષ બંન્નેએ કામ કરવું પડે છે. વણાટ ઉદ્યોગ-વીવીંગ ઈન્ડસ્ટ્રી સિવાય અન્ય ઉદ્યોગો નથી. જીવનાવશ્યક ચીજ વસ્તુઓ બહારથી મંગાવવી પડે છે. મુખ્ય તો ચીઝ અને બિયરનાં કારખાનાં જોવા મળ્યા.

કુદરતી સૌંદર્યનો નજારો માણવા ભૂતાન આદર્શ સ્થળ છે. ભરપૂર હરિયાળી દિલ-દિમાગને તરબતર કરી મૂકે છે. ખીણોમાં છૂટા છવાયાં મકાનો કમનીય અને મનભાવન દૃશ્ય ખડું કરે છે.

ભારત - ભૂતાનના ચલણનો વિનિમય દર સરખો જ છે. આપણું રૂપાયનું ચલણ સ્વીકાર્ય.

મુખ્ય જોવાલાયક સ્થળો : મોનેસ્ટ્રીક ફોર્ટસ

બધી ઓફિસો-કાર્યાલયો ફોટર્સમાં જ રાખવામાં આવી છે. **(શબ્દાંકન - પ્રવીણ દેસાઈ)**

**પ્રવાસી : બેલા રાહુલ ધારીઆ**


# SHRINATHJI




Pure Attars - Gulkand - Gulabjal (used for Thakorji) made from The Chetti Roses found in the Valley of Haldighati pure, Perfumes . All special Syrups like like Gulab Khus, Heena etc Available At.

## M/s. MOTILAL & SONS (ATTARWALA)

Opp, Dwarkadhish Temple, Saraswati Sadan, Temple Rd.
NATHDWARA RAJASTHAN - 02953
Ph : (O). 230234. (R). 232042
Mob: 9352735557

જે જે શ્રી ગોકુલેશો

## લગ્નગીતો, સંગીત સંધ્યા તથા પ્રાર્થના સભા માટે



## સંપર્ક સાધવો

**ભરત ડોસા : ૯૨૨૧૩૧૮૩૩૩**
**રણજીત : ૯૮૨૧૧૭૨૨૨૩**
**મિના : ૯૨૨૧૧૬૫૫૫૨**

**Email : ranjeetdossa@yahoo.com**
**www.rhythmicgroup.com**



શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ

# ઉત્સવોનો ઉત્સવ શ્રી ફગવા ઉત્સવ



## શ્રી વાડાસિનોર દશાનિમા વૈષ્ણવો,

સર્વેને જય જય શ્રી ગોકુલેશ

ઉપરોક્ત ગોકુલેશ સમાજ વર્ષોથી ઉત્સવોનું આયોજન કરે છે.

આ વર્ષે પણ શ્રી ફગવાનું આયોજન અનેરા ઉત્સાહથી કરવા વિચાર્યું છે.

## શ્રી ફગવા ઉત્સવ

સં. ૨૦૬૫ના ફાગણ સુદ ૩ ને શનીવાર તા. ૨૫.૨.૨૦૧૨ના દિવસે આ ઉત્સવ ઉજવવામાં આવશે.

## સ્થળ

શ્રી માધવબાગ, સી.પી. ટેન્ક, મુંબઈ - ૪૦૦૦૦૪

## મનોરથી

આ ઉત્સવના ભાગ્યશાળી મનોરથી શ્રી રમેશભાઈ દેસાઈ (મેનપૂરાવાળા) તથા તેમનો પરિવાર છે.

## રંગે રસીયા

શનિવાર, તા. ૨૫.૨.૨૦૧૨ બપોરે ૩.૧૫ કલાકે મનોરથીના નિવાસ સ્થાન ૨૧૦૪ શ્રીપતી આરર્કેડ, ગોલ્ડન ક્રાઉન હોટલની સામે, ઓગસ્ટ ક્રાંતિ માર્ગ, નાનાચોક, મુંબઈ - ૪૦૦૦૩૬ મુકામે સમાજના કિર્તનિયા મંડળી ઠાકોરજીના રસીયાની રમઝટ બોલાવશે.

## કળશનો વરઘોડો

તે જ દિવસે સાંજે ૬.૦૦ કલાકે સત્સંગની રૂમ અમૃતવાડી, વી.પી. રોડથી કળશનો વરઘોડો નીકળી માધવબાગ જશે.

- રાત્રે ૭.૦૦ કલાકે મનોરથીનું તેમજ તેમના કુટુંબીજનોનું સન્માન કરવામાં આવશે.
- રાત્રે ૭.૧૫ કલાકે શ્રી મહા ઓચ્છવના મનોરથી શ્રી યોગેશકુમાર ઓચ્છવલાલ કડકીઆ મનોરથી તેમજ તેમના કુટુંબીજનોનું પણ સન્માન કરવામાં આવશે.
- રાત્રે ૭.૩૦ કલાકે શ્રી ફગવા ઉત્સવના અનુરૂપ એક નૃત્યનાટીકાની રજુઆત કરવામાં આવશે.

## આમંત્રણ

રાત્રે ૮.૦૦ કલાકે માધવબાગમાં પ્રસાદ લેવા આપ સૌ વૈષ્ણવોને સહપરિવાર પધારવા અમારી નમ્ર વિનંતી છે.

## શ્રી ગોકુલનાથજી મંદિર, બાલાસિનોર

ભગવદીય વૈષ્ણવો આપણા મંદિરની વાર્ષિક સામાન્ય સભા શ્રી દશાનિમા વણિક વાડીમાં તા. ૭-૧૨-૨૦૧૧ના રોજ ભરાઈ હતી. કંઠીધારી વૈષ્ણવોની સારી સંખ્યામાં હાજરી હતી. મંદિરની આ સામાન્ય સભામાં જે નિર્ણયો લેવામાં આવ્યા તેમાં મુખ્ય નીચે મુજબ છે.

૧) મંડળની કારોબારીમાંથી શ્રી પ્રવિણચંદ્ર સાંકરલાલ દોશીનું રાજીનામું આવ્યું હતું. તેને સર્વાનુમતે મંજુરી કરી તેમની જગ્યાએ શ્રી મણીકાન્ત છોટાલાલ કડકીઆની ઉપ પ્રમુખ તરીકે નિમણૂક સર્વ સંમતિથી કરવામાં આવી.

૨) અગાઉ જે વૈષ્ણવોએ હિંડોળા તથા કેસર સ્નાન કાયમી તેમના અગાઉના બાપદાદાને નામે લખાવેલ છે. તેઓને વિનંતી કે તે નામ કમી કરી હાલના તેમના વારસના નામે અગાઉ ભરેલ રકમમાં વધારો કરી રૂા. ૭૫૦૧/- પુરા કરી તેમના નામ દાખલ કરવાની છે. ૨૦૧૨ની દિવાળી સુધીમાં દરેકને તેનો અમલ કરવાનો રહેશે તો દરેક વૈષ્ણવોને તેની નોંધ લેવા વિનંતી છે.

૩) મંદિરમાં દરરોજના નેક ભોગમાં જે સુધારા કર્યા છે તે દરેક મનોરથીઓએ રૂબરૂ મંદિરની પેઢીમાં આવી તેની જાણ મેળવી લેવા વિનંતી વધારે જાણકારી જોઈએ તો બાલાસિનોર જ્યારે આવે ત્યારે મંદિરમાંથી મેળવી લેવી.

૪) મંદિરના રોજ બરોજ વહીવટમાં દરેક સેવા લખાવનાર વૈષ્ણવોને સંતોષ થાય એ રીતે પેઢી ઉપર સેવા આપનાર વૈષ્ણવોની ગોઠવણ કરવામાં આવી છે.

### અપીલ સબંધી

અગાઉ જ્યોતીપુંજમાં ફગવા બગીચા મંદિર ખાતે મુખ્ય પ્રવેશ દ્વાર સાથે નામ જોડવા રૂા. ૫,૦૦,૦૦૦/- (પાંચ) લાખની અપીલ બહાર પાડી હતી તે માટે ભગવદીય વૈષ્ણવોને વિનંતી છે આ લ્હાવો શ્રીઠાકોરજીની સેવામાં દ્રવ્ય ન્યોછાવરનો છે. તો આપ આ અપીલને વધાવી લેશો એવી શ્રધ્ધા છે. ગૌશાળાની રૂા. ૭૫૦૦/-ની અપીલને સારો પ્રતિસાદ મળી રહ્યો છે એ માટે સેવા લખાવનાર સર્વે વૈષ્ણવ ભાઈ બહેનો ઉપર ઠાકોરજીની હંમેશા કૃપા મળતી રહે એવી શુભેચ્છા અને જે વૈષ્ણવોને આ સેવાનો લાભ ના લીધો હોય તેમને આ સારા કાર્યમાં પોતાનું યોગદાન આપવા વિનંતી છે.

**પ્રમુખ - શ્રી નવીનચંદ્ર ચીમનલાલ શાહ**

## શ્રી ગોકુલનાથજી મંદિર બાલાસિનોર
## ગૌશાળાની કાયમી મીતી માટે
## નીચે મુજબની દાતાશ્રી તરફથી
## રૂા. ૭૫૦૦/- મળેલ છે.

૧. પરેશ રસીકલાલ કડકીઆ (દુધવાળા)
૨. કુન્દનબહેન કાંતિલાલ કડકીઆ (ધરીવાળા)
૩. કમળાબહેન મોહનલાલ ધારીઆ (કુણીવાળા)
૪. સાવિત્રીબહેન વિનોદચંદ્ર શાહ (બરોડાવાલા)
૫. બાબુલાલ સાંકરલાલ કડકીઆ (બેરા)
૬. સુભદ્રાબહેન નવીનચંદ્ર કચેરીઆ
૭. કુસુમબહેન રસીકલાલ પરીખ (બખલી)
૮. અનસુયાબહેન કચરાલાલ દોશી
૯. નીતાબહેન નિતીનકુમાર કચેરીયા

## શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોતેજક મંડળ બાલાસિનોર વિદ્યોતેજક ચેરીટેબલ ટ્રસ્ટ

**દાતાઓને અપીલ**

મંડળ અને ટ્રસ્ટ સંચાલિત વિવિધ શૈક્ષણિક યોજનાઓ પૈકીની એક યોજના

Higher Education Scheme for Std XI & XII - રૂા. ૧૧,૦૦,૦૦૦/-

પોતાની ઓળખ માંગે છે. સમાજનાં દાતાઓને આગ્રહભરી અપીલ કરીએ છીએ, આપના કે આપનાં પ્રિયજનનાં નામ આપી ઉપરોક્ત યોજનાને અપનાવી, ભવિષ્યનાં દાતાઓનાં ઘડતરમાં સહભાગી બનો.

આ ઉપરાંત મંડળની શૈક્ષણિક સહાયની પ્રતિવર્ષ વધતી જતી જરૂરિયાતને ધ્યાનમાં લેતા રૂા. ૧૦,૦૦૦/-ના વાર્ષિક યુનીટની યોજનામાં સહભાગી થવા માટે પણ દાતાઓને અપીલ કરીએ છીએ. દાતા તરફથી મેળવેલ રૂા. ૧૦,૦૦૦/- ના એક એવા અનેક યુનીટ પ્રાપ્ત થયા છે. આશા છે જ્ઞાતિના સખાવતી દાતાઓ તરફથી વધુમાં વધુ યુનીટ અમારી વાર્ષિક જરૂરિયાત મુજબ પ્રાપ્ત કરી શકીશું. આ અંગે મંડળની કાર્યવાહક સમિતિના સભ્યોનો સંપર્ક સાધી શકો છો.

**અનુકરણીય દાન**

સહર્ષ જણાવવાનું કે ચાલુ માસ દરમ્યાન શ્રી કિરણ રસિકલાલ મોદી (ચૌધરી) તરફથી તેમનાં સુપુત્ર ચિ. રાહુલના લગ્ન પ્રસંગે રૂા. ૫૧,૦૦૦/- (અંકે રૂા. એકાવન હજાર પુરા) નું દાન વચન પ્રાપ્ત થયું છે. મંડળ દાતાશ્રીનો હાર્દિક આભાર માને છે.

**માનદ્ મંત્રીઓ - શરદ નટવરલાલ દેસાઈ**
**મંજુલ શૈલેષ ધારીઆ (હેડમાસ્તર)**

## વાડાસિનોર પ્રગતિ સમાજ કો.ઓ.ક્રેડીટ સોસાયટી લી

સર્વ શેર હોલ્ડર મેમ્બરોને વિદિત કરવામાં આવે છે કે આપણા ક્રેડીટ સોસાયટીએ તા. ૧-૧-૨૦૧૨ થી રીકરીંગ ખાતા સ્વીકારવાનું નક્કી કર્યુ છે. જેના વ્યાજ દરો અને નિયમો નીચે મુજબ રહેશે.

**રીકરીંગના વ્યાજ દરો**

૧ વર્ષ થી ૨ વર્ષની અંદરની મુદતના ૭ ટકા
૨ વર્ષથી વધુ સમયની મુદત માટે ૮ ટકા

૧) દરેક મેમ્બર ફક્ત એક જ ખાતુ ખોલાવી શકશે.
૨) રૂા. ૧૦૦/-, રૂા. ૨૦૦/-, રૂા. ૩૦૦/- રૂા. ૫૦૦/- અને રૂા. ૧૦૦૦/-નું ખાતુ ૧૨, ૨૪ અથવા ૩૬ માસની મુદત માટે ખોલાવી શકાશે.
૩) હપ્તાની રકમ પ્રત્યેક માસની ૧૦ તારીખ સુધી જમા કરાવવાની રહેશે.
૪) રૂા. ૧૦૦૦/- ભરનારે ચેકથી પેમેન્ટ ખાતા પ્રમાણે આપવાનું રહેશે.
૫) અગાઉની જેમ પ્રત્યેક ધીરાણ (લોન) સામે અલગથી રીકરીંગ ખાતુ ખોલાવવાનું રહેશે.

સર્વ શેર હોલ્ડર મેમ્બરોને જણાવતા હર્ષ થાય છે કે આપણી ક્રેડીટ સોસાયટી દ્વારા મોટર કાર ફાઈનાન્સ યોજના હેઠળ હાલના મહિને સર્વ પ્રથમ કાર લોનની અરજી મંજુર કરાઈ છે. મોટર કાર લેવા ઈચ્છનાર સર્વ શેર હોલ્ડર ભાઈઓ તથા બહેનોને બીજે થી ફાઈનાન્સ ન લેતા સોસાયટીમાંથી આ લાભ લેવા વિનંતી આ અંગે વધુ વિગતો સોસાયટી કાર્યાલયમાંથી મેળવવી.

**લી. વાડાસિનોર પ્રગતિ સમાજ કો.કે.સો.લી.**
**કારોબારી વતી**

# કચેરીઆ મોજીલાલ ગોરધનદાસ જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ

**માહે ડીસેમ્બર-૧૧ના માસના જ્યોતિપુંજ પ્રસિદ્ધ થયા બાદ ટ્રસ્ટમાં વધુ નોંધાવેલ દાન/મળેલ વચનની યાદી**

૧) રૂા. ૧૧,૦૦,૦૦૦/- - શ્રીમતી ઈન્દુબહેન રજનીભાઈ ઓચ્છવલાલ ધારીઆ (પેઢીવાળા) કેજયુલ્ટી વિભાગના નામકરણ માટે.

૨) રૂા. ૧૧,૦૦,૦૦૦/- - શ્રી નિતીનભાઈ પ્રવિણચંદ્ર કચેરીઆ (ડાબોડીયા) ફિજીયોથેરાપી વિભાગના નુતનીકરણ માટે)

૩) રૂા. ૫,૦૦,૦૦૦/- - શ્રી ભરતભાઈ કીરતનલાલ દોશી (સ્પેશ્યલ રૂમના નવીનીકરણ માટે)

૪) રૂા. ૩,૦૦,૦૦૦/- - શ્રી રજનીકાન્ત કાન્તીલાલ કડકીઆ (ધરીવાળા) (રૂમના રીનોવેશન માટે)

૫) રૂા. ૧,૦૦,૦૦૦/- - સ્વ. ગીરજાબહેન ઓચ્છવલાલ મગનલાલ કડકીઆ (બેરા)ની સ્મૃતીમાં હસ્તે શ્રી રમેશભાઈ ઓચ્છવલાલ કડકીઆ (બેરા).

૬) રૂા. ૧,૦૦,૦૦૦/- શ્રીમતી સુવર્ણાબહેન પ્રદીપભાઈ કાંતિલાલ મોદી (દેવ)

૭) રૂા. ૧,૦૦,૦૦૦/- સ્વ. રમણિકલાલ સાંકરલાલ ધારીઆ (જજ)ની સ્મૃતિમાં હ.સ્વ. કનૈયાલાલ, શ્રી જગદીશભાઈ તથા શ્રી યોગેશભાઈ.

૮) રૂા. ૧,૦૦,૦૦૦/- - સ્વ. મણીબહેન રમણલાલ શેઠ (અત્તરવાળા પરિવાર)ની સ્મૃતિમાં હ. શ્રી વરૂણ ગોપાલ શેઠ.

૯) રૂા. ૧,૦૦,૦૦૦/- - શ્રી દીપકભાઈ નવનીતલાલ પરીખ (બખલી)

૧૦) રૂા. ૧,૦૦,૦૦૦/- - એક અનામી દાતા.

૧૧) રૂા. ૧,૧૧,૧૧૧/- સહયોગ કો.ઓ.ક્રેડીટ સોસાયટી લી. બાલાસિનોર

૧૨) રૂા. ૫૧,૦૦૦/- - શ્રી લલિત નટવરલાલ દેસાઈ (સુપુત્ર ભાવેશના લગ્ન પ્રસંગે.)

૧૩) રૂા. ૨,૫૦,૦૦૦/- સુધારો : શ્રી જયંતિલાલ મુળજીભાઈ પરીખ (બખલી) અગાઉના રૂા. ૧,૫૦,૦૦૦/- (ઓગસ્ટ-૧૧ના માસના જ્યોતિપુંજમાં પ્રસિદ્ધ થયા મુજબ) તથા રૂા. ૧,૦૦,૦૦૦/- હ. સુપુત્રો શ્રી મનોજભાઈ અને શ્રી નીતીનભાઈ

૧૪) ૧,૨૫,૦૦૦/- શ્રી રમેશભાઈ કાન્તિલાલ મોદી (શહેરાવાળા)

**ટ્રસ્ટમાં નવી નોંધાયેલ ઓપરેશન મિતી :**

**બાલાસિનોર ગ્રુપ ઓફ કેનેડા સમિતિ :** (BRIMPTON) હ. શ્રી કીર્તીભાઈ કડકીઆ રૂા. ૧૫૦૦૦/- (બે મિતિ) શિલ્પા નવનીતલાલ શાહ (ખડગોધરાવાળા) હ. દિપક નવનીકલાલ શાહ રૂા. ૭,૫૦૦/-

**બાલાસિનોરની કે.એમ.જી. જનરલ હોસ્પિટલમાં નીચે મુજબના વિવિધ કેમ્પો યોજવામાં આવેલ.**

**(૧) સરલાબહેન મનહરલાલ કડકીઆ (મલમ) દાંતના રોગોનો નિદાન કેમ્પ :** તા. ૧-૧૨-૧૧ના રોજ યોજવામાં

આવેલ. આ કેમ્પમાં ૫૬ દર્દીઓને તપાસેલ અને ૪૩ દર્દીઓને સાત દિવસની દવાઓ ફ્રી આપવામાં આવેલ. આ ઉપરાંત દાંત વિભાગમાં દાંતના ચોકઠાને લગતુ કામકાજ ગરીબ તેમજ મધ્યમવર્ગના દર્દીઓના હિતાર્થે કરવામાં આવે છે.

**૨) શ્રીમતી કુસુમબહેન રસિકલાલ અને રસિકલાલ મણીલાલ લાકડાવાળા પબ્લીક ટેરીટેબલ ટ્રસ્ટ ડાયાબીટીસ નિદાન કેમ્પ** તા. ૧૮-૧૨-૧૧ના રોજ યોજવામા આવેલ. આ કેમ્પમાં કુલ ૨૧૬ દર્દીઓ નોંધાયેલા. ૧૯૧ દર્દીઓના પેથોલોજી ટેસ્ટ ફ્રી કરવામાં ઓવલ તેમજ તમામને દશ દિવસની દવાઓ ફ્રી આપવામાં આવેલ આમ આ કેમ્પમાં કુલ રૂા. ૪૦,૯૮૭/-ની માફી કરવામાં આવેલ. હવે આગામી નિદાન કેમ્પ તા. ૧૭-૩-૨૦૧૨ના રોજ યોજવામાં આવનાર છે.

**૩) શ્રીમતી તરૂલતા મોદી (દેવ) ચેરીટેબલ ટ્રસ્ટ છઠ્ઠો સર્વરોગ નિદાન કેમ્પ :** તા. ૨૭-૧૨-૨૦૧૧ના રોજ યોજવામાં આવનાર છે. આ કેમ્પમાં ઈ.એન.ટી. સ્કીન, માનસિક ઓર્થો, ફીજીશીયન, સ્ત્રીરોગ, સર્જીકલ, બાળ તેમજ દાંતના રોગોનું ફ્રી નિદાન કરવામાં આવશે અને જરૂરિયાવાળા તમામ દર્દીઓને દશ દિવસની દવાઓ ફ્રી આપવામાં આવશે. તેમજ પેથોલોજી ટેર્સટમાં રાહત આપવામાં આવશે.

**મંત્રીશ્રીઓ - શ્રી રાજેન્દ્ર દેસાઈ - શ્રી નીતીન પરીખ**



# અન્ન સહાય અને આર્થિક સહાય અંગે

શ્રી વાડાસિનોર દશાનીમા નવયુવક મંડળ સંચાલિત શ્રીમતી કલાબેન ચીમનલાલ કડકીઆ (બનડા) પુરસ્કૃત અન્ન સહાય યોજના તથા બાલાસિનોર પ્રગતિ સમાજ શ્રી કોકિલા પ્રવિણચંદ્ર બીન ચુનીલાલ કડકીઆ ગીરીપુજા (વલ્લભઘેલા) આર્થિક રાહત યોજના.

ઉપરોક્ત સંસ્થાઓના સહયોગથી પ્રતિ વર્ષ અન્ન સહાય તથા આર્થિક રાહત આપવામાં આવે છે. તા. ૧-૪-૨૦૧૨ થી ૩૧-૩-૨૦૧૩ના વર્ષ દરમ્યાન પણ સહાય આપવાની છે. આ માટે હાલમાં લાભ લેતાં કુટુંબીજનોએ તેમના ફોર્મ ભરવા જરૂરી છે. નીચેના સ્થળોથી ફોર્મ મેળવી તા. ૨૯-૨-૧૨ સુધીમાં ફોર્મની માંગેલી વીગતો ભરીને આપી જવા વિનંતી છે.

(૧) **શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ** : ૪૫-૪૯ બાલકૃષ્ણ, બાબુગેનુ રોડ, મુંબઈ-૨

(૨) **શ્રી વાડાસિનોર દશાનીમા નવયુવક મંડળ** : ૮/૯, મહેતા હાઉસ, પંડીત રમાબાઈ રાનડે રોડ, ભવન્સ કોલેજની સામે, મુંબઈ - ૪૦૦૦૦૭

(૩) **શ્રી દક્ષેશભાઈ કડકીઆ - કડકીયા એન્ટરપ્રાઈઝ** : ૬૮/૭૦, નાગદેવી સ્ટ્રીટ, ૧લે માળે, મુંબઈ-૩

(૪) **શ્રી મણીકાન્ત છોટાલાલ કડકીઆ , બાલાસિનોર**

નોંધ : મુંબઈની બહાર તેમજ બાલાસિનોર ખાતે રહેતા જરૂરિયાતવાળા કુટુંબીઓએ પણ ફોર્મ ભરવા જરૂરી છે.

**સંયોજકો : રજની લટકારી - શ્રી વા.દ.ની.ન.યુ. મંડળ, ઉર્વીશ મોદી(દેવ) - શ્રી બાલાસિનોર પ્રગતી સમાજ**



# MIDDAY T10 CRICKET TOURNAMENT

For the first time in the history of Balasinor cricket, our team is representing our community in the MIDDAY T10 CRICKET TOURNAMENT, to be played at Central Railway Stadium, Lower Parel, Mumbai.

**The schedule of our matches is as follows :**

**First Match :** Wed 28th Nov 2011 v/s GURJAR SUTAR at 11.00 am,

**Second Match :** Mon 2nd Jan 2012 v/s KUTCHI LOHANA at 09.00 am,

**ThirdMatch:**Wed11thJan2012 v/s PRAJAPATIKUMBHAR at 11.00 am.

**Our team is as follows:**

Kinjal Parikh (cap), Nirav Desai (v.c.), Sandeep Dharia, Niren Dharia, Shiten Kadakia, Shamik Shah, Jigar Parikh, Rikit Mody, Chirag Desai, Daxit Gandhi, Miten Parikh, Ritesh Kadakia,RohanDesai,SaumitDharia,RohanDharia & Ripal Parikh.

**CONVENOR - CHIRAG PARIKH**



**Shree Balasinor Navyuvak Sangh**
**Presents**

## Balasinor Premier League 2011-12.
## KADAKIA ENTERPRISE BPL T20 2ND EDITION

**6th MATCH :** LALKHA TIGERS 170/7 (Dharav Parikh 71*, Daxit Gandhi 47, Nitin Gandhi 5/28), APEX WONDER BOYS 152/7 (Vishal Jariwala 57, Sauriin Parikh 24, Pankaj Kadakia 4/29). LALKHA TIGERS won by 19 runs.

**7th MATCH :** DHARIA'S STALLION 129/9 (Chirag Desai 46, Nirav Desai 21, Yomesh Shah 3/24), BALASINOR LIONS 130/5 (Sahil Desai 45*, Ashwin Karkeria 22, Anand Shroff 21, Divya Kadakia 20, Hitesh Shah 2/27). BALASINOR LIONS won by 5 wkts.

**8th MATCH :** RED BULLS 167/8 (Kunal Mody 45, Manit Parikh 24, Jigar Parikh 24, Nihar Kadakia 4/17), VISHESH CHALLENGERS (Saumit Dharia 45, Rupesh Mody 25, Jigar Parikh 2/19, Ankur Parekh 2/26). RED BULLS won by 9 runs.

**9th MATCH :** LALKHA TIGERS 100 all out. (Vikrant Dharia 25, Hitesh Shah 5/22), DHARIA'S STALLION 101/2 (Sandeep Dharia 32*, Rohan Dharia 28*). DHARIA'S STALLION won by 8 wkts.

**1ST SEMI FINAL MATCH :** LALKHA TIGERS 148/4. (Daxit Gandhi 48, Shamik Shah 39, Ankit Desai 36), BALASINOR LIONS 126/8 (Anand Shroff 33, Sahil Desai 25, Rikit Mody 20, Pankaj Kadakia 2/19, Vivek Gupta 2/18). LALKHA TIGERS won by 23 runs.

**2nd SEMI FINAL MATCH :** APEX WONDER BOYS 155 all out. (Samir Desai 67, Niren Dharia 39, Sandeep Dharia 4/19 (hat trick), DHARIA'S STALLION 134 all out. (Sandeep Dharia 42, Chirag Desai 47). APEX WONDER BOYS won by 21 runs.

FINALS BETWEEN LALKHA TIGERS V/S APEX WONDER BOYS on 7th January 2012 at Police Gymkhana D/N.

| | |
|---|---|
| **BHAVESH MODI** | **KINJAL PARIKH** |
| **SECRETARY** | **BPL CONVENOR** |

# Shree Vadasinor Dashnima Navyuvak Mandal Medical Trust
# VDNM HEALTH SURVEY

Dear friends,

Wish you all a happy & a prosperous year of 2012. on behalf of VDNM MEDICAL TRUST. With the onset of the new year the VDNM Medical Center has under taken a Med-Health check up survey to be conducted in Feb-2012 under the "guidance and co-operation of **Dr. Akshay Sevak** the Hon. medical superintendent

1) As per the valuable suggestion of our Hon President **Mr. Jatin Desai** and his committee members. The camp will be followed by informative lectures by Heart problems and there complications leading to various illness followed by the audience questionnaires.
2) The camp includes **"Eye-check up"** and **B.P.Measurement.**
3) The blood analysis from **Metropolis group of laboratories** will includes
   **a.** S. Lipid Profile
   **b.** Ramdom Blood Sugar
   **c.** CBC
   **d.** S. Creatinine
   **e.** Glycosylated HB

The two **optional blood tests** will be apo-lipo protein and homocystein.

The blood will be examined at Metropolis Lab. Under the supervision a our Hon. Medical administration Mrs. Kinneri Sevak.

The registration from attached here with a first 100 patients with the fully refundable registration deposit Rs. 150/- will be accepted at the following places on first Come first basis

1) The V.D.N.M. Medical trust, Mehta House, 2nd floor. (from 8.00am to 7 pm) Tele. No. 23670169.
2) Mr. Jatin Desai (Office) Sujali Electrical Enterprise, 42, Babu Genu Road, Mumbai - 400002, Tel. No. 22060090 / 22001659.

Your warm co-operation would be appreciated and the further detail of the camp will be published in the next issue of Jyotipunj

Our new year's resolution
Have A Healthy Happy & A Honest Life.
with regards

**Kinneri Sevak - Secretary**
**Sohini Y. Kadakia - Paresh R. Parikh.**
**For VDNM Administrator**

## બાલાસિનોરનું ગૌરવ

ધ બોમ્બે ઈન્કોર્પોરેટેડ લો સોસાયટી દ્વારા લેવાયેલ સોલીસીટર્સની પરીક્ષામાં કુ. શૈશવી રાજેશ કડકીઆ ૬૫.૮૩% ટકા ગુણાંક સાથે પ્રથમ ક્રમાંકે ઉત્તીર્ણ થયા છે. બાલાસિનોરની જ્ઞાતિમાં પ્રથમ વિદ્યાર્થીની સોલીસીટર તરીકે ઉત્તીર્ણ થવાનું શ્રેય તેમને પ્રાપ્ત થાય છે. સંસ્થા તરફથી બહેન શૈશવીને ખૂબ ખૂબ અભિનંદન.

Registration No............................

**SHREE VADASIONR DASHANIMA NAVYUVAK MANDAL MEDICAL TRUST**

**(Mehta House, Telephone No. 23670169) is highly obliged to conduct a**

# HEALTH CHECK UP CAMP.

| Full Name & Address. | | Submitted To. |
|---|---|---|
| | Age : ____________ | |
| | Contact No.__________________ | |

**For queries and inquiries if any please contact VDNM MEDICAL TRUST**

**(CONT.No.23670169).**

**I hereby agree to under go the required examination or medical tests.**

**Participant's Signature**

________________________ - cut - ________________________________

**We acknowledge the receipt of Rs. 150/- total amount refundable for the Registration.**

| Participant's Name | Registration No | Date | Receiver's Signature |
|---|---|---|---|
| ________________ | ____________ | ________ | ________________ |

# વૃધ્ધાશ્રમમાં મા-બાપની મુલાકાતમાં દીકરાઓ કરતાં દીકરીઓ આગળ

અમદાવાદ શહેરના બાર વૃધ્ધાશ્રમોમા રહેતા ૮૦૦ વૃધ્ધોના સંતાનોમાં દિકરા કરતા દિકરીઓ વૃધ્ધોની વધુ સંભાળ રાખે છે તેવી વાત જાણવા મળી છે. શહેરમાં આવેલા વૃધ્ધાશ્રમોમાં વૃધ્ધોની નિશુલ્ક સારસંભાળ રાખવામાં આવે છે. છતાં ઘરડા મા-બાપની નિયમિત મુલાકાત લેવી, તેમના અંગત કામ માટે સતત હાજર રહેતા સંતાનોમાં દિકરા કરતા દિકરીઓનું જ પ્રમાણ વધુ જોવા મળ્યુ છે. આવું હોવના અનેક કારણો છે. આ અંગે જ્યારે શહેરના વૃદ્ધાશ્રમોના વિવિધ સંચાલકોને પૂછવામાં આવ્યું ત્યારે અનેક સામાજિક શરમજનક બાબતો બહાર આવી હતી. આ અંગે જીવનસંધ્યા વૃધ્ધાશ્રમના સંચાલક ફરસુભાઈ કહે છે વૃધ્ધાશ્રમોમાં પોતાના મા-બાપનું ધ્યાન રાખવા માટે આવરો જાવરો દિકરીઓનો વધુ રહે છે.

અમારે ત્યાં ૧૯૦ જેટલા વૃધ્ધઓ રહે છે જેમાંથી તેમને મળવા આવનારમાં દિકરીઓની સંખ્યા વધી જાય. એમાંય બિમારી વખતે તો દિકરીઓ જ પડખે ઉભી રહે છે. વળી દિકરો પત્નીના અનેક દબાણોને વશ થઈને પણ મા-બાપને મળવા જવાનું ટાળે છે. પરંતુ મોટા ભાગના વૃધ્ધાશ્રમોના રુટિનમાં વધુ પડતી દિકરીઓ જ સેવા કરવા આવે છે. રુટિનમાં કોઈ ચોક્કસ ડોકટરને બતાવવાનું હોય કે જે તે વૃધ્ધની અમૂક આદતો વિશે કે એમના હેલ્થના પ્રોબ્લેમ માટે ફોન કરીને બોલાવીએ તો દિકરો કે દિકરાની વહુ મોટાભાગના કિસ્સામાં તરત આવવામાં વાર લગાડે એ સ્વાભાવિક છે. પરંતુ દિકરીઓના કિસ્સામાં તો તે મા-બાપના નાના અમથા પ્રશ્નને પણ સાંભળીને દોડીને આવતા અમે જોઈએ છીએ. પાલડીમાંના મણીબહેન માતૃગૃહમાં ૬૮ વૃધ્ધો રહે છે. આ બધા જ વૃધ્ધોની તમામ જવાબદારી વૃધ્ધાશ્રમ દ્વારા નિશુલ્કપણે પૂરી પાડવામાં આવે છે. ૬૮ વૃધ્ધોમાંથી ૧૦ વૃધ્ધો એવા છે જેમના કુટુંબી કે સગાવ્હાલા તરીકે તેમની દિકરીઓ જ તેમની મુલાકાત લેવા આવે છે. આ અંગે માતૃગૃહના સંચાલક નૈનાબહેન શાહ કહે છે, મા-બાપની મુલાકાત લેવામાં દિકરીઓ જ જવાબદારી સંભાળે છે. ઘણાં કિસ્સાઓ એવા છે કે જેમાં દિકરાઓ પત્નીના કહેવાથી કે દબાણને વશ થઈને મા-બાપ સાથે મતભેદ રાખીને વૃધ્ધાશ્રમમાં આવવાનું ટાળતા હોય છે. અમૂક કિસ્સાઓમાં તો અમે એવા દિકરાઓ પણ જોયા છે કે પોતાના પૌત્ર કે પૌત્રી હોસ્ટેલમાં હોય ત્યારે દાદા કે દાદીને વૃધ્ધાશ્રમમા મૂકી આવે પરંતુ જ્યારે આ પૌત્ર કે પૌત્રી વેકેશનમાં આવે ત્યારે દાદા-દાદીને વૃધ્ધાશ્રમમાંથી થોડા દિવસ માટે પાછા લઈ આવે છે. જેવા બાળકો જતા રહે કે તરત પાછા વડીલોને પાછા વૃધ્ધાશ્રમમાં મોકલી દેતા દંભી દિકરાઓ પણ આપણાં સમાજમાં જોવા મળે છે.

ઘોડાસર વૃધ્ધાશ્રમના સંચાલિકા ગીતાબહેનને ત્યાં ૫૫ વૃધ્ધો રહે છે જેમાંથી મોટાભાગના વૃધ્ધોની સંભાળ રાખનારી દિકરીઓ જ છે. ગીતા બહેન કહે છે કે વડીલોની આ પ્રકારની જવાબદારી ઉપાડવામાં દિકરીઓ એટલે વધુ છે કે પહેલા તો દિકરો ક્યા મોઢે પોતાના મા-બાપને વૃધ્ધાશ્રમમાં મૂકવા આવે. બિમારી કે ઈમરજન્સીનો સામનો કરતા વૃધ્ધોના ઘરે જ્યારે પણ ફોન જાય ત્યારે મોટા ભાગના કિસ્સાઓમાં વહુ હોય તો એવો જવાબ મળે છે કે હમણાં ઘરે કોઈ નથી... અને દિકરી હોય તો તરત જ રિક્ષા કરીને મા-બાપને મળવા આવી જાય છે.

- સંકલન

ફોન : ૨૩૬૩૨૬૦૮ / ૨૩૬૭૬૩૯૭

**સ્વામીશ્રી પ્રેમપુરી આશ્રમ ટ્રસ્ટ**

આયોજિત

**માતુશ્રી કમળાબેન તથા**

**પિતાશ્રી લક્ષ્મીદાસ છોટાલાલ મોદી**

**સ્મૃતિ ભક્તિ સંધ્યા**

આત્મપ્રિય ભાઈશ્રી/બહેનશ્રી,

સ્વામીશ્રી પ્રેમપુરીજી આશ્રમ ટ્રસ્ટ દ્વારા દર વર્ષે યોજાતી ઉપરોક્ત ભક્તિ સંધ્યામાં નીચે જણાવેલ વિશિષ્ટ કાર્યક્રમનું આયોજન કરેલ છે.

**-: કાર્યક્રમ :-**

**બુધવાર, તા. ૧-૨-૨૦૧૨, સાંજે ૬.૧૫ થી ૭.૩૦**

**ભક્તિ સંધ્યા** : શ્રીમતી ગાયત્રી કામત

**વક્તા** : પ.પૂ.સ્વામીની તન્મયાનંદજી

**વિષય** : સફળતાના દ્વાર

**સ્થળ** : પ્રેમપુરી અધ્યાત્મ વિદ્યાભવન, સ્વામીશ્રી પ્રેમપુરીજી ચૌક, બાબુલનાથ રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૭

**-: નિમંત્રક :-**

**મોદી પરિવાર સ્વામીશ્રી પ્રેમપુરીજી આશ્રમ ટ્રસ્ટ**

**સૌજન્ય : માની કોશી ટ્રસ્ટીગણ**

**મો. ૯૭૬૯૯૫૮૮૦૪**

સર્વેને સપ્રેમ આમંત્રણ છે.

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામાં

**(1) Jiten Ajit Parikh**
D-502, Vasant Aradhana, (B/C/D/) Hos. S. Ltd.
Near Greatar Bombay Bank, Mahavir Nagar,
Kandivali (West),Mumbai - 400 067
Ph. : 28683433, Mobile : 9833549185

**(2) Rameshchandra N. Desai**
B-Wing, Flat No. 616, Dataguru Nagar, SRL,
Opp. Datasai Mandir, Ceasor, Amboli Road,
Near Bombay Cambridge School
Andheri (West), Mumbai - 400 058
Ph. : 9821888098

**(3) Ajay K. Kadakia (Renawala)**
C - 411, National Park, View -2,
Raheja Estate, Kulupwadi Road,
Borivali (East), Mumbai - 400 066
Mobile : 7738333086

**નેત્રદાન (ચક્ષુદાન) માટે સંપર્ક કરો – ૧૯૧૯**

## સાચવશે તને શ્રીજી પ્રભુ

**(ઢાળ - તને સાચવે સીતા સતિ અખંડ સૌભાગ્યવતી)**

તને સાચવી શકે માનવ કેટલો ? શું ?
સાચવશે તને શ્રીજી પ્રભુ...
ગર્ભાવાસમાં જ્યારે જીવરૂપે તું હતો,
અંધારી કોટડીમાં નવ માસ સબડતો હતો,
પોષણ કર્યુ તુ શ્રીજીએ સઘળુ... સાચવશે.
દંત નહોતા ત્યારે દુગ્ધ આપ્યુ હતુ,
દંત આવ્યા પછી ચાવવાનું દીધુ,
કૃતધ્ની થઈને ના ભૂલતો તે તું... સાચવશે.
માંદગીમાં તુજસંગે અર્હનિશ ઉભો હતો,
મુશ્કેલીમાં ના તરછોડતા, ઉચકી લીધો હતો,
તારો સાચો સગો શ્રીજી પ્રભુ... સાચવશે.
સંપૂર્ણ શરણાગત થઈ સ્મરજે શ્રીજીને તું,
તેને ગમતા સત્કર્મો નિત્ય કરજે તું,
થઈ જઈશ મોક્ષનો અધિકારી જીવ તું.... સાચવશે.
વૃધ્ધાવસ્થામાં જતન તારૂ કરશે જ તે,
જીર્ણ વસ્ત્રો બદલાવવા મા જેમ લઈ જશે તે,
નાહક મૃત્યુથી ડરતો ના પલભર તું... સાચવશે.

**- સતીશચન્દ્ર ભી પરીખ (રોકડીયા)**